| નવા કેસ | |
| --- | --- |
| રાજ્ય | ૧૧૦૮ |
| અમદાવાદ | ૧૫૬ |
| ગાંધીનગર | ૫૦ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૪૦ ૨૯ જુલાઈ, ૨૦૨૦, બુધવાર; શ્રાવણ સુદ - ૧૦ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજે પાંચ રાફેલ ભારત આવી પહોંચશે

**રાફેલ ૭ હજાર કિમીનું અંતર કાપી બુધવારે ભારત આવી પહોંચશે : ફ્રાન્સથી પાંચ રાફેલ ફાઈટર જેટ સોમવારે ભારત આવવા રવાના : વાયુસેનામાં રાફેલ સામેલ થયા બાદ તેની યુદ્ધ ક્ષમતામાં ઘણો વધારો થશે : ભારતનો ચીન સાથે તણાવ ચાલી રહ્યો છે ત્યારે ભારતને ફાઈટર જેટ્સ મળ્યા**



નવી દિલ્હી, તા.૨૮

ફ્રાન્સથી પાંચ રાફેલ ફાઈટર જેટ સોમવારે ભારત આવવા રવાના થઈ ગયા છે. આ પાંચેય વિમાને સોમવારની મુસાફરી પૂરી કરી લીધી છે અને યુએઈના અલદફ્રા એરબેઝ પર સફળતાપૂર્વક લેન્ડિંગ કર્યું છે. રાફેલને ફ્રાન્સથી યુએઈ પહોંચવામાં સાત કલાકનો સમય લાગ્યો હતો. આ વિમાન યુએઈથી ઉડીને સીધા ભારત પહોંચશે. ફ્રાન્સના શહેર બોર્ડેઓસ્કમાં વાયુસેનાના એરપોર્ટથી રવાના થયેલા ફાઈટર જેટ લગભગ સાત હજાર કિલોમીટરનો પ્રવાસ ખેડીને બુધવારે અંબાલા વાયુસેનાના એરબેઝ પર પહોંચશે. વાયુસેનામાં રાફેલ સામેલ થયા બાદ તેની યુદ્ધ ક્ષમતામાં ઘણો વધારો થઈ જશે. ભારતને આ ફાઈટર જેટ્સ એવા સમયે મળી રહ્યા છે જ્યારે પૂર્વ લદાખની સરહદે તેનો ચીન સાથે તણાવ ચાલી રહ્યો છે. એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ૧૦ ફાઈટર જેટની ડિલિવરી સમયસર પૂરી થઈ ગઈ છે અને તેમાંથી પાંચ જેટ તાલિમ મિશન

● અનુસંધાન પાન-૭ પર

# મોદી ચાંદીની ૨૨.૬ કિલોની ઈંટ મૂકી રામ મંદિરનો શિલાન્યાસ કરશે

**પૂજન વખતે ભગવાન રામ ૯ રત્નોનો વસ્ત્રો ધારણ કરશે : રામ મંદિરના ભૂમિપૂજનની તૈયારીઓ શરૂ**






પટણા, તા.૨૮

ભૂમિપૂજનની તૈયારીઓ દરમિયાન ભગવાન રામ ૯ રત્નોનો પોશાક પહેરશે, કારણ કે રામ મંદિરના ભૂમિપૂજનની તારીખ નજીક આવી રહી છે, આંદોલન વધી રહ્યું છે. દેશભરમાં મંદિરોના નિર્માણને ટેકો આપવા માટેની પ્રવૃત્તિઓ પણ તીવ્ર બની છે. ભૂમિપૂજન માટે પવિત્ર નદીઓ અને તીર્થ સ્થળોની પવિત્ર માટીનું પાણી લાવવાની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે. ૫ ઓગસ્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અયોધ્યામાં મંદિરના નિર્માણનો શિલાન્યાસ જમીન પૂજા કરીને કરશે. ભગવાન રામ, તેમના ભાઈ લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન ૫ ઓગસ્ટે રામ મંદિરના 'ભૂમિપૂજન' પ્રસંગે રત્નથી સજ્જ ડ્રેસ પહેરશે. રામદલ સેવા ટ્રસ્ટના પ્રમુખ પંડિત કલ્કી રામ ભગવાનની મૂર્તિઓ પર આ વસ્ત્રો પહેરશે. આ કોસ્ચ્યુમ પર નવ પ્રકારના રત્નો મૂકવામાં આવ્યા છે. ભગવાન માટે કપડાં ટાંકાનારા ભાગવત પ્રસાદે કહ્યું કે ભગવાન રામ લીલોતરી પહેરે છે.

● અનુસંધાન પાન-૭ પર

# દિવાળી સુધી ચાંદીનો ભાવ ૭૫ હજાર પહોંચશે

**છેલ્લા ચાર મહિના દરમિયાન ચાંદીના ભાવ બમણા થયા છે, ચાંદીના રોકાણકારોએ મજબૂત નફો કર્યો છે**

નવી દિલ્હી, તા.૨૮

કોરોના રોગચાળો અને ભૌગોલિક-રાજકીય તણાવ વચ્ચે સોના અને ચાંદીના ભાવમાં જોરદાર વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા ચાર મહિના દરમિયાન ચાંદીના ભાવ બમણા થયા છે. ચાંદીના રોકાણકારોએ મજબૂત નફો કર્યો છે. ૧૮ માર્ચ, ૨૦૨૦ ના રોજ, એમસીએક્સ પર ચાંદીના ભાવ ૩૩,૫૮૦ હતા જે આજે વધીને ૬૭,૫૬૦ પર પહોંચી ગયા છે. નિષ્ણાતો માને છે કે હાલના ટ્રેન્ડને જોતા ચાંદીનો ભાવ દિવાળી સુધીમાં ૭૫ હજાર સુધી પહોંચી શકે છે. કોરોના રોગચાળાને કારણે લોકો સલામત રોકાણ તરફ વળ્યા છે. આ સિવાય ચીન-યુએસના તનાવ બાદ પણ લોકોનો ટ્રેન્ડ બુલિયન તરફ વધ્યો છે. આ જ કારણ છે કે ચાંદીના ભાવોમાં તેજી જોવા મળી રહી છે. કેડિયા કોમોડિટીઝના એમડી અજય કેડિયાએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં ચાંદીના ભાવમાં સતત વધારો જોવા મળી શકે છે. તેમણે કહ્યું, ભૌગોલિક-રાજકીય તનાવને કારણે રજત રોકાણકારો માટે શ્રેષ્ઠ સ્થાન હોવાનું લાગે છે. તેમણે કહ્યું કે દિવાળી સુધીમાં ચાંદીના ભાવ ૭૫ હજાર સુધી જઈ શકે છે. અનુજ ગુપ્તાએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં સોનાના ભાવમાં વધુ વધારો થઈ શકે છે.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
| --- | --- | --- | --- |
| વિશ્વ | ૧૬૭૩૫૫૪૨ | ૬૫૯૦૫૮ | ૧૧૪૭૨૩૪૧ |
| ભારત | ૧૫૨૯૬૫૩ | ૩૪૨૨૩ | ૯૮૭૧૭૪ |
| ગુજરાત | ૫૬૯૩૦ | ૨૩૭૨ | ૪૨૪૧૨ |
| ગાંધીનગર | ૧૪૭૨ | ૮૪ | ૯૮૩ |

# દેશમાં કોરોનાના કેસ ૧૫ લાખને પાર

**દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૭,૭૦૪ નવા કેસ નોંધાયા : ૬૫૪ કોરોના દર્દીઓનાં મોત નિપજ્યા**

નવી દિલ્હી, તા. ૨૮

દેશમાં કોરોના વાયરસ દિનપ્રતિદિન બેકાબૂ થઈ રહ્યો છે. એક પખવાડિયાથી દરરોજ નોંધાતા આંકડા એક નવો રેકોર્ડ બનાવે છે. મંગળવારે સવારે સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડાઓ મુજબ, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૭હજાર ૭૦૪ નવા કેસ નોંધાયા છે અને ૬૫૪ દર્દીઓના મોત થયા છે. આ સાથે જ દેશમાં કોરોના વાયરસના કુલ ૧૪ લાખ ૮૩ હજાર ૧૫૭ કેસ નોંધાયા છે. જેમાંથી ૪ લાખ ૯૬ હજાર ૯૮૮ લોકો સારવાર હેઠળ છે. જ્યારે અત્યાર સુધીમાં ૯ લાખ ૫૨ હજાર ૭૪૩ કોરોનાના દર્દીઓ સારવાર બાદ સાજા થયા છે અને કુલ ૩૩ હજાર ૪૨૫ લોકો મૃત્યુ પામ્યા છે. દેશમાં હાલ કોવિડ-૧૯ને મ્હાત કરનારાનો દર હવે ૬૪.૨૪ ટકા છે. જ્યારે ચેપથી મૃત્યુ પામનારાઓનો દર ૨.૨૫ ટકા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ઝસઈ)ના આંકડાઓ મુજબ, ભારતમાં છેલ્લા ચોવીસ કલાકમાં એટલે કે સોમવારે કોરોનાના ૫,૨૮,૦૦૦ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું.

દેશમાં સતત છઠ્ઠા દિવસે કોરોનાના નવા દર્દીઓની સંખ્યા ૪૫ હજારને પાર રહી છે. દેશભરમાં છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૬૫૪ લોકોના મોત નિપજ્યા છે. જેમાં સૌથી વધુ મહારાષ્ટ્રમાં ૨૨૭ દર્દીઓનો સમાવેશ થાય છે. ત્યારબાદ તામિલનાડુમાં ૭૭, કર્ણાટકમાં ૭૫, આંધ્રપ્રદેશમાં

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- મિઝોરમમાં ભૂકંપનો આંચકો - રિક્ટર સ્કેલ ૪.૪ નોંધાયો.
- ફિલ્મ અભિનેત્રી કુમકુમનું ૮૬ વર્ષની વયે મુંબઈમાં નિધન.
- અમેરિકામાં કોરોનાથી મૃત્યુનો આંખ ૧ લાખ ૫૦ હજારને પાર.
- અદાણી ગૃપ સંરક્ષણ ક્ષેત્રે પ્રવેશી રહ્યું છે.
- વાયુદળના વડા રાફેલને આવકારવા અંબાલા જશે

# મુંબઈ એરપોર્ટ કૌભાંડમાં ઈડીના દરોડા, ૮૦૦ કરોડનું કૌભાંડ હોવાની આશંકા

મુંબઈ,તા.૨૮

મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટના રિડેવલપમેન્ટ માટે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ જીવીકે ગ્રુપને ૨૦૦ એકર જમીન આપી હતી. આ કિસ્સામાં બોગસ કોન્ટ્રેક્ટ દ્વારા ૮૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ થયું હોવાના આક્ષેપ થયા હતા. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મની લોન્ડરીંગનો કેસ નોંધ્યો હતો. આ સંદર્ભમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ઈડ્ઢની ટુકડીઓ મુંબઈ અને હૈદરાબાદ પહોંચી હતી અને દરોડા પાડ્યા હતા. આ કૌભાંડને લગતા નવ કેસ તૈયાર કરાયા હતા.

જીવીકે ગ્રુપ જેને મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટના રિડેવલપમેન્ટની જવાબદારી સોંપવામાં આવી હતી. એરપોર્ટનું મોડર્નાઈઝેશન, અપગ્રેડેશન અને મેઈનટેનન્સ વગેરેને આ સોદામાં સમાવી લેવાયા હતા. જીવીકેના ચેરમેન સંજય રેડ્ડીના નિવાસસ્થાને ઈડીની ટીમ પહોંચી હતી.

# દેશમાં હવે ત્રણ કંપનીઓની વેક્સિનની હ્યુમન ટ્રાયલ થશે

**ટ્રાયલ સફળ રહેશે તો ટૂંકમાં વેક્સિન લોન્ચ કરાશે**

નવી દિલ્હી, તા. ૨૮

ભારતમાં પાંચ સ્થળે કોરોના વેક્સીનની ત્રીજા તબક્કાની હ્યુમન ટ્રાયલ આગામી દિવસોમાં હાથ ધરાનાર છે. ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેક્નોલોજીના સેક્રેટરી રેણુ સ્વરૂપના જણાવ્યા પ્રમાણે દેશમાં ઓક્સફોર્ડ યુનિવર્સિટી, ઝાયડસ કેડિલા કંપની અને ભારત બાયોટેકની વેક્સીનની ટ્રાયલ થશે. ટ્રાયલ સફળ રહેશે તો ભારતમાં કોરોના વેક્સીન ટૂંક સમયમાં રજૂ કરવામાં આવશે.

ત્રીજો તબક્કો મહત્ત્વપૂર્ણ છે. તેનાથી લોકો પર વેક્સીનની અસરનો ડેટા મળી શકશે. લોકોને વેક્સીન આપતા પહેલાં દેશની પાસે આ ડેટા હોવો

● અનુસંધાન પાન-૭ પર

# ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર રોબર્ટ ઓ બ્રાયનને કોરોના

વોશિંગ્ટન, તા. ૨૮

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર રોબર્ટ ઓ બ્રાયન કોરોના વાયરસના સંક્રમણમાં સંપડાયા છે. વ્હાઈટ હાઉસે સોમવારના રોજ આ અંગે જાણકારી આપતા કહ્યું હતું કે ટ્રમ્પના ૫૪ વર્ષીય સહયોગી રોબર્ટ બ્રાયનમાં કોરોનાના હળવા લક્ષણો જોવા મળ્યા છે. વ્હાઈટ હાઉસ તરફથી જાહેર કરેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ટ્રમ્પ પ્રશાસનમાં એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનારા ઓ બ્રાયન આઈસોલેશનમાં છે અને ત્યાંથી જ કામ કરી રહ્યા છે. વ્હાઈટ હાઉસમાં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિને સંક્રમણનો કોઈ ખતરો નથી.

## દુઃખદ અવસાન



મારા પિતાશ્રી **અમરસિંહ તખુસિંહ ગોલ**નું તા. ૨૪/૭/૨૦૨૦ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

**હાલની સ્થિતિને ધ્યાને રાખી બેસણું રાખેલ નથી.**

નિવાસસ્થાન : દરબાર વાસ, પ્રાથમિક શાળાની બાજુમાં, ગામ-વાવોલ, તા.જી. ગાંધીનગર. મો. ૮૧૪૦૬૬૮૯૦૭

લી.

દિલીપસિંહ તખુજી ગોલ, વિજયસિંહ અમરસિંહ ગોલ, કચરાજી ઉદાજી ગોલ, યુવરાજસિંહ અમરસિંહ ગોલ, ભાવુસિંહ ઉદાજી ગોલ, અજીતસિંહ જેસંગજી ગોલ, જયદિપસિંહ દિલીપસિંહ ગોલ, પ્રફુલ્લસિંહ મગનજી ગોલ

# નિવૃત્તિ બાદ કર્મચારીઓએ પેન્શન માટે દોડવું નહીં પડે

**નિવૃત્ત થનાર કેન્દ્રીય કર્મીઓને મોદીની નવી ભેટ : ઔપચારિકતા પૂરી થાય ત્યાં સુધી અસ્થાયી પેન્શન મળશે**

નવી દિલ્હી, તા. ૨૮

સરકારી કર્મચારીઓની સૌથી મોટી ચિંતા નિવૃત્તિ બાદ પેન્શન મેળવવાની હોય છે. પેન્શન શરૂ કરાવવા માટે આ કર્મચારીઓએ અનેક વખત સરકારી ઓફિસોના ચક્કર કાપવા પડે છે. મોદી સરકારે કોરોના વાયરસ મહામારી દરમિયાન નિવૃત્ત થનારા કર્મચારીઓ માટે એક શાનદાર પહેલ કરી છે. હવે કેન્દ્રીય કર્મચારીઓને રિટાયરમેન્ટ બાદ કોઈ પણ ભાગદોડ વગર પેન્શન મળવાનું શરૂ થઈ જશે. કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે સોમવારે કહ્યું કે કોવિડ-૧૯ મહામારી દરમિયાન નિવૃત્ત થનારા કેન્દ્ર સરકારના કર્મચારીઓ નિયમિત પેન્શન ચૂકવણી આદેશ (PPO) જાહેર થવાથી અને અન્ય ઔપચારિકતા પૂરી થાય ત્યાં સુધી અસ્થાયી પેન્શન મળતું રહેશે. તેમણે કહ્યું કે મહામારી અને લોકડાઉનને જોતા આ નિર્ણય લેવાયો છે. સરકારી કર્મચારીઓને મુખ્ય કાર્યાલયમાં પેન્શન ફોર્મ જમા કરવામાં પરેશાની થઈ શકે છે કે બની શકે કે તેઓ સર્વિસ બુક ના દાવા ફોર્મ ભૌતિક રીતે સંબંધિત વેતન અને લેખા (Pay & Account) કાર્યાલયમાં જમા કરાવવાની સ્થિતિમાં ન હોય.

SWARRNIM STARTUP & INNOVATION UNIVERSITY
Gandhinagar, Gujarat
INDIA'S FIRST UNIVERSITY FOR STARTUP

ADMISSIONS OPEN 2020-21

School of Technology
Diploma - Computer | Civil | Electrical | Mechanical | Automobile
B.Tech - Computer Egg. | IT | EC | Mechanical | Electrical | Civil | Automobile
AI | CTIS | MACT | Blockchain
M.Tech - Advance Manufacturing System | AI | Electronics Communication
Power Systems | Environmental Engineering | Cyber Security
PHD

School of Health Science
BAMS | BHMS | BPT | GNM | B.Sc. Nursing
DMLT | Sanitary Inspector

School of Science
B.Sc. - PCM | Biotech |
Microbiology | Fire And Safety
M.Sc. - Biotech | Chemistry
Microbiology

Institute of Designs
B.Arch
B.Sc. Fashion & Creative Style
(international Collaboration With Atelier Chardon Savard-Paris)
B.Des/Diploma -
Fashion | Interior
Product Graphic & Animation | UX
M. Plan

School of Business
B.Com | BBA | BCA | M.Com | MBA | Airport Mgmt | Hotel Mgmt.

SWARRNIM EASY FEE
0% Interest Education Loan
Scan to Apply Online ▶▶
Contact Us
www.swarrnim.edu.in
admission@swarrnim.edu.in
95108 58239
95108 68970

100% Placement in Last 3 Years

## ચોથી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. નાનાલાલ મહાદેવભાઈ મહેતા**
સ્વ. તા. ૨૯-૭-૨૦૧૬

વટવૃક્ષ સમાન વિશાળ પરિવારને સંપ, સહકાર અને સત્યતાનો માર્ગ બતાવનાર, જીવનની સુમધુર સુવાસ ફેલાવનાર એવા પરોપકારી સ્વભાવ ધરાવતા આપને, અમો કદી નહી ભૂલી શકીએ...
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

લિ.

શરદભાઈ નાનાલાલ મહેતા, જગદીશભાઈ નાનાલાલ મહેતા, શૈલેશભાઈ નાનાલાલ મહેતા

ફર્મ :- સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ, સેક્ટર-૨૪, ગાંધીનગર

શ્રીજીબાપા શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ સ્વામીબાપા

## જાહેર ઋણસ્વીકાર

શ્રી સ્વામિનારાયણ ભગવાનની નાદવંશીય પરંપરાના પંચમ વારસદાર પરમ પૂજ્યપાદ શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજે શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય ધામમાં સ્થાન શોભાયમાન કર્યું છે.

આવા અસહ્ય, વેદનાસભર, કઠિનકાળમાં આપ સૌ તમામ ધાર્મિક સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ, રાજનેતાઓ, મિડીયાજગત, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયતંત્ર, ડોક્ટરશ્રીઓ તથા તમામ નાગરિકો તરફથી મળેલ હૈયાધારણ બદલ આભાર વ્યક્ત કરીએ છીએ.

- શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળ

જયશ્રી સ્વામિનારાયણ